મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૩ ટકા
ગાંધીનગર તાપમાન

# જય અંબે પરિવાર દ્વારા ૩૦મી અંબાજી પદયાત્રાનું આયોજન

## ૧૪મી સપ્ટેમ્બરે 'બોલ મારી અંબે'ના જયઘોષથી પદયાત્રાનો પ્રારંભ થશે : ૨૦ સપ્ટેમ્બરે ધજા અર્પણ કરી પરત ફરશે

ગાંધીનગર, તા.૨૮
અરવલ્લીની નયનરમ્ય ગિરિમાળામાં અંબાજી ખાતે બિરાજમાન આરાસુરી મા અંબાનો ભાદરવી પૂનમે ભરાતો વિશ્વનો સૌથી મોટો પદયાત્રી મેળો ઢૂકડો આવી રહ્યો છે. ભાદરવી પૂનમે છેલ્લા ૨૯ વર્ષથી ગાંધીનગરના જય અંબે પરિવાર દ્વારા પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે અને આ વર્ષે ૩૦મી પદયાત્રાનું આયોજન કરાયું છે. જેનો પ્રારંભ તા. ૧૪મી સપ્ટેમ્બર શુક્રવારથી થઈ રહ્યો છે.

ગાંધીનગરમાં ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓનો ત્રિવેણી સંગમ સમા જય અંબે પરિવાર આયોજિત ૩૦મી અંબાજી પદયાત્રા તા. ૧૪મી સપ્ટેમ્બરથી પ્રારંભ થઈ તા. ૨૦મી સપ્ટેમ્બરે અંબાજી ખાતે મા જગદંબાના મંદિરે ધજા અર્પણ કરી પરત ફરશે. તા. ૧૪મી સપ્ટેમ્બરે સવારે ૭.૩૦ કલાકે સેકટર-૧૩-બીમાં શકિતચોક ખાતે મનોરમ્ય રથમાં બિરાજમાન મા ભગવતી જગદંબાનું પૂજન કરાશે ત્યારબાદ ૮.૩૦ કલાકે માતાજીની ધજાનું પૂજન કરાશે. સવારે ૯.૩૦ કલાકે થાળ ધરાવી મહાઆરતી કરાશે અને ૧૦ કલાકે દર્શન-પ્રસાદ-આશીર્વાદ બાદ રક્ષાસૂત્ર અર્પણ કરીને ૧૦.૧૫ કલાકે ગરબા ધૂન પછી 'બોલ માડી અંબે, જય જય અંબે'ના બુલંદ જયઘોષ સાથે શુકનવંતા શ્રીફળના અમી છાંટણા પછી પદયાત્રા સંઘનું પ્રસ્થાન કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે જય અંબે પરિવાર સક્રિય મહિલા પાંખ સહિત ૧૦૦થી વધુ 'મા'ના અનુરાગીઓ ધરાવે છે. જેના વહીવટી વૃંદ દ્વારા 'મા'ના પ્રાગટ્ય દિને શતક ભોગ અને અન્નકૂટ ઉત્સવ, શ્રી જગદંબા ભક્તિ વંદના સ્વાધ્યાયનું આયોજન, સવા કરોડ નવાર્ણ મંત્ર લેખન, વિવિધ રોગ નિદાન કેમ્પનું આયોજન, વિભિન્ન સાંસ્કૃતિક કાર્યક્રમો, શૈક્ષણિક સન્માન, વૈવિધ્યપૂર્ણ ધાર્મિક મહોત્સવ, વ્યસન મુકિત અને રકતદાન શિબિર તથા કુદરતી આપત્તિમાં સહાય કાર્યો જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જય અંબે પરિવાર દ્વારા ૩૦મી પદયાત્રા પ્રસ્થાન સમયે શહેરના ધાર્મિક શ્રધ્ધાળુઓને પરીવાર સહિત ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### પદયાત્રાનો રૂટ અને કાર્યક્રમ

૧૪મી સપ્ટેમ્બરે - બપોરે ધરતી ફાર્મ : રાત્રે સાઈ ભવન, વાસન મહાદેવ
૧૫મી સપ્ટેમ્બરે - બપોરે સિધ્ધનાથ મહાદેવ ગોઝારિયા : રાત્રે રામજી મંદિર, દેવીપુરા
૧૬મી સપ્ટેમ્બરે - બપોરે ધરોઈ કોલોની વિસનગર : રાત્રે પરેલવાડી, ઉમતા
૧૭મી સપ્ટેમ્બરે - બપોરે સેવા કેન્દ્ર, ડભોડા : રાત્રે પ્રાથમિક શાળા શાહપુરા
૧૮મી સપ્ટેમ્બરે - બપોરે પ્રાથમિક શાળા નવાવાસ : રાત્રે શીતકેન્દ્ર દાંતા
૧૯મી સપ્ટેમ્બરે - રોકાણ સવિતા સદન, અંબાજી
૨૦મી સપ્ટેમ્બરે - સવારે મંદિરે ધજા અર્પણ બપોરે ઉજાણી કરી પરત



# કલોલ તાલુકા કેળવણી મંડળ દ્વારા મેગા જોબ ફેરનું આયોજન

## ગુજરાત યુનિ.ના સંયુકત ઉપક્રમે આયોજિત મેગા જોબ ફેરમાં ૪૦ જેટલી મલ્ટીનેશનલ કંપનીઓ ૧૭૦૦થી વધુ જોબની ઓફર કરશે

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે આગામી તા.૩૧મી ઓગસ્ટ શુક્રવારે તાલુકા કેળવણી મંડળ દ્વારા આયોજિત મેગા જોબ ફેરનું ઉદઘાટન રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી કરશે. આ પ્રસંગે જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂત, કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, ગુજરાત વહેપારી મહામંડળના પ્રમુખ ડૉ. જૈમિન વસા, પૂર્વ પ્રમુખ શૈલેષભાઈ પટવારી તથા ગુજરાત યુનિ.ના વાઈસ ચાન્સેલર હિમાંશુ પંડયા ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સી.આઈ. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલના ઓડિટોરિયમનું ઉદઘાટન પણ કરાશે.

કલોલ તાલુકા કેળવણી મંડળ તથા ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે આયોજિત આ 'મેગા જોબ




ફેર'માં અંદાજે ૪૦ જેટલી મલ્ટીનેશનલ કંપનીઓ ભાગ લેશે અને ૧૭૦૦થી વધુ યુવા વિદ્યાર્થીઓને આ કંપનીઓમાં જોબ મેળવવાની તક પ્રાપ્ત થશે. આજે મેગા જોબ ફેર માટે આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારોને માહિતી આપતા સંસ્થાના ટ્રસ્ટી તથા મંત્રી પ્રફુલ્લભાઈ તલસાણીયાએ જણાવ્યું હતું કે કલોલ તાલુકા કેળવણી મંડળ ૧૯૩૫થી કાર્યરત શૈક્ષણિક સંસ્થા છે અને બાલમંદિરથી લઈને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના શિક્ષણનું કાર્ય કરે છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓ બોર્ડ-યુનિવર્સિટી પરીક્ષાઓમાં ટોપ ટેનમાં સ્થાન મેળવે છે તેમજ સ્પોર્ટસ તથા સાંસ્કૃતિક-સામાજિક પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર સ્થાન ધરાવે છે. મેગા જોબફેરના કારણે વિદ્યાર્થીઓને તેમના કારકિર્દી ઘડતર માટે અમૂલ્ય તક પ્રાપ્ત થશે. આ પ્રસંગે ઉપસ્થિત ડૉ. શંકરસિંહ રાણાએ જણાવ્યું હતું કે, 'મેગા જોબ ફેર ઉપરાંત સંસ્થા વિદ્યાર્થીઓને ભારત સરકારના 'સ્ટાર્ટ અપ' પ્રોજેકટ સાથે જોડીને સ્વરોજગારી સર્જન માટે પણ આયોજન કરી રહી છે.'

# અદાણી શાંતિગ્રામમાં બેફામ જતી કારની અડફેટે એકિટવાચાલક યુવાનનુ મૃત્યુ

## અમદાવાદના બે મિત્રો એકટીવા લઈને અદાણી શાંતિગ્રામ માંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાર ચાલકે અડફેટે લીધા : એકટીવા પાછળ બેઠેલો મિત્ર ઘાયલ

ગાંધીનગર, તા.૨૮
અમદાવાદના સાબરમતી પોલીસ ચોકી સામે રબારી વાસમાં રહેતા બે મિત્રો અડાલજ નજીક આવેલા અદાણી શાંતિગ્રામની અંદર એકટીવા ઉપર જઈ રહ્યા હતા ત્યારે ગઈ સવારે બેફામ જતી એક કારે તેમના એકિટવાને ટક્કર મારતા બંને મિત્રો ગંભીર રીતે ઘવાયા હતા જેમાં એકિટવા ચાલક યુવાનનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયુ છે. તો બીજી તરફ એકિટવાની પાછળ બેઠેલો તેનો મિત્ર ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે. અડાલજ પોલીસે ઈજાગ્રસ્ત યુવાનની ફરિયાદના આધારે કાર ચાલક સામે ગુનો દાખલ કરી કારના નંબરના આધારે કાર ચાલક આરોપીની ધરપકડ માટે કવાયત તેજ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના સાબરમતી પોલીસ ચોકી સામે આવેલા રબારીવાસમાં છારાનગર વિસ્તારમાં રહેતા રાકેશભાઈ રાધેશ્યામભાઈ જાડેજા અને તેના મિત્ર સુનિલભાઈ માધુભાઈ રાઠોડ ગઈકાલે સવારે એકટીવા નંબર જીજે ૧ પી.ઝેડ ૮૬૪૮ લઈને ખોરજ ની સીમમાં આવેલા અદાણી શાંતીગ્રામથી પસાર થઈ રહ્યા હતા. એકટીવા સુનીલ રાઠોડ ચલાવી રહ્યો હતો અને રાકેશ જાડેજા તેની પાછળ બેઠો હતો. સવારે પોણા નવ વાગ્યાના અરસામાં તેઓ એકટીવા લઈને અદાણી શાંતિગ્રામની અંદર આંગણ રેસીડન્સી નજીક પહોંચ્યા ત્યારે સડસડાટ આવી રહેલી એક જીજે ૧ કેજી ૪૨૨૪ નંબરની ગાડી ત્યાંથી પસાર થઈ અને તેમના એકિટવાને અડફેટે લીધું હતું. અકસ્માતમાં એકટીવા પર સવાર બંને યુવા મિત્રો ફંગોળાઈને પટકાયા હતા. બંને યુવાનોને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. જ્યા બપોરના અરસામાં એકિટવા ચાલક સુનીલ રાઠોડનું સારવાર દરમિયાન કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ ઈજાગ્રસ્ત રાકેશ જાડેજા હજુ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. રાકેશ જાડેજાની ફરિયાદના આધારે અડાલજ પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કરી કાર નંબરને આધારે આરોપી કારચાલકને પકડવા કવાયત શરૂ કરી છે. સમગ્ર ઘટનાની તપાસ પીએસઆઇ કે જી ગોસ્વામી ચલાવી રહ્યા છે.

### એકિટવાની ડેક્કીમાંથી દેશી દારૂની પોટલી મળી હતી

શાંતિ ગ્રામ્ય અંદર થયેલા કાર અને એકટીવા વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એકિટવા ચાલક યુવાનનું મૃત્યુ નિપજયું હતું. આ ઘટનામાં પોલીસ પંચનામું કરવા ગઈ ત્યારે એકટીવાની ડેક્કી ખોલતા ખબર પડી કે અંદર દેશી દારૂની પોટલી હતી. એક લિટર જેટલો દેશી દારૂ પોટલીમાં ભર્યો હતો. એકિટવા ચાલક પીધેલ હોવાની પણ આશંકા હોવાને પગલે આલ્કોહોલ ટેસ્ટ પણ લેવાયો છે.

# સાદરા વિદ્યાપીઠની છાત્રાલયમાં ૧૮ વર્ષિય યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

## આપઘાતનું કારણ અકબંધ : સવારે સહપાઠીઓ પ્રાર્થના હોલમાં જઈને પરત આવ્યા ત્યાં સુધીમાં યુવાને ફાંસો ખાઈ લીધો હતો

ગાંધીનગર, તા. ૨૮
ચિલોડા નજીક આવેલા સાદરા વિદ્યાપીઠ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય ખાતેની છાત્રાલયમાં ગઈકાલે વહેલી સવારે ૧૮ વર્ષીય યુવાને પોતાના રૂમમાં જ પંખે રૂમાલ બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી હતી. યુવાનના રૂમમેટ ગઈ કાલે સવારે પ્રાર્થના સભામાં પ્રાર્થના કરીને પરત રૂમમાં આવ્યા ત્યાં સુધીમાં આ યુવાને ગળે ફાંસો ખાઈ લીધો હતો. શેરથા ગામના રહેવાસી આ યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ રહસ્યમય છે. ચિલોડા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ફોરેન્સિક એકસપર્ટને બોલાવી લીધા હતા અને આપઘાતનું કારણ બહાર લાવવા કવાયત શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સાદરા ખાતે આવેલી સાદરા વિદ્યાપીઠ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયમાં સ્થિત છાત્રાલમાં રૂમ નં.૧૦ માં રહેતો અને બેચલર ઓફ ફિઝિકલ એજયુકેશન સ્પોર્ટ્સમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતો ૧૮ વર્ષીય વિશાલ પ્રવીણભાઈ પરમાર શેરથા ગામનો વતની હતો. રવિવારે વિશાલનો જન્મ દિવસ હતો અને જન્મદિવસની ઉજવણી કરી પરત આવ્યો હતો. આ યુવાન વિશાલ પરમાર રાત્રે તેના રૂમમેટ્સ સાથે રૂમ પર સૂઈ ગયો હતો. સવારે બધા પહેલા ઊઠ્યા અને પ્રાર્થના સભામાં જવા તૈયાર થયા ત્યારે વિશાલ તૈયાર થયો ન હતો. વિશાલ ને તેના રૂમમેટે પ્રાથના સભામાં આવવા કહ્યું તો તેણે કહી દીધું હતું કે તમે જઈ આવો. સવારે ૬:૩૦ પ્રાર્થના સભામાં ગયેલા તેના રૂમમેટ પૈકી એક રૂમમેટ પ્રાર્થના પતાવીને પોતાની પેન લેવા પાછો રૂમ પર આવ્યો ત્યારે તેણે રૂમમાં જોયુ તો સ્તબ્ધ થઈ ગયો હતો. રૂમમાં વિશાલ પરમાર પંખે રૂમાલ બાંધીને ગળે ફાંસો ખાઈ લીધેલી હાલતમાં હતો. વિદ્યાપીઠમાં આ ઘટનાથી ભારે ચકચાર મચી ગઈ હતી અને ઘટનાની જાણ ચિલોડા પોલીસને કરતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી. ચિલોડા પોલીસે મૃતદેહ ઉતારી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લેવા કવાયત શરૂ કરી છે. જોકે હજુ સુધી તેના આપઘાતનું કારણ બહાર આવી શક્યું નથી. પોલીસે તેના રૂમની તલાશી લીધી હતી પરંતુ સુસાઈડ-નોટ કે અન્ય કોઈ ચિઠ્ઠી પણ મળી આવી ન હતી. પોલીસે મૃતકના પરિવારજનો તથા મિત્ર વર્તુળ અને રૂમમેટ્સનાં નિવેદન લેવા કવાયત શરૂ કરી છે. આ ઘટના અંગે ફોરેન્સિક સાયન્સ એકસપોર્ટની ટીમને પણ જાણ કરીને બોલાવી લેવામાં આવી હતી.

# ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વીજ ધાંધીયા યથાવત

ગાંધીનગર, તા. ૨૮
ન્યું ગાંધીનગર શહેરમાં વીજ ધાંધીયા યથાવત રહેવા પામ્યા છે. કુડાસણ, રાયસણ, સરગાસણ, વાવોલ સહિતના વિસ્તારમાં હાલના તબક્કે પણ લાઈટ ડુલ થવાના કિસ્સા સામે આવી રહ્યા છે. ઉનાળાની સિઝનમાં તો વધુ વીજ વપરાશને પગલે વીજળી ડુલ થતી હતી. પરંતુ ચોમાસામાં આ સ્થિતિ સર્જાતા સામાન્ય નાગરીકોને હેરાન પેરશાન થવાનો વારો આવે છે. જયારે નાના બાળકો તેમજ વડીલો સહિત દર્દીઓની હાલત લાઈટ જતા કફોડી બની જાય છે.

ગાંધીનગર શહેરનો પાંચ દાયકામાં રોકેટ ગતિએ વિકાસ થયો છે. ત્યારે નગર જેવડું બીજુ નગર નિર્માણ પામ્યું છે. નવા ગાંધીનગરમાં લાખો નાગરીકો વસવાટ કરે છે. ન્યું ગાંધીનગરના કુડાસણ, રાંદેસણ, રાયસણ, સરગાસણ, વાવોલ સહિતના વિસ્તારમાં લાઈટ ડુલ થાય છે. લાઈટ જતા નાગરીકો ઉંઘમાંથી સફાળા જાગી જાય છે. જો કે ઉનાળામાં તો વધુ વિજવપરાશને કારણે વારંવાર વિજળી જતી હતી. પરંતુ ચોમાસાની સિઝનમાં પણ વિજ ધાંધીયાના કિસ્સા સામે આવ્યા છે. લાઈટ જઈને ગણતરીની મિનીટોમાં પાછી આવે છે. વરસાદ ચાલુ હોય તેવી સ્થિતમાં તો જાય જ છે પરંતુ વરસાદ ન હોય ત્યારે પણ ચાલુ બંધ લાઈટો થાય છે. લાઈટને પગલે નાગરીકોની મુશ્કેલીમાં વધારો થયો છે. વડીલો તેમજ દર્દીઓની હાલત કફોડી બની જાય છે. લાઈટ જતા મચ્છરોના ત્રાસથી નાગરીકો શાંતિથી સુઈ પણ શકતા નથી. જયારે ચોમાસાની સિઝન હોવાથી રાત્રીના અંધકારમાં કોઈ જીવજંતુઓનો ડર પણ નાગરીકોને સતાવે છે. ત્યારે જીઈબી તંત્ર દ્વારા લાઈટ ડુલ થવાના કિસ્સામાં ઘટાડો આવે તેવી પ્રબળ માંગ ન્યું ગાંધીનગરના રહેવાસીઓમાં ઉઠવા પામી છે.

# ગાંધીનગર જણસારી સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૮
સમસ્ત જણસારી સમાજની આગામી બેઠક તા. ૨ સપ્ટેમ્બરને રવિવારના રોજ સવારે ૯ કલાકે જુના સચિવાલય કેન્ટીન પાસે રાખવામાં આવેલ છે. તો સર્વે જ્ઞાતિજનોને તેમાં હાજર રહેવા સંસ્થાના મંત્રીએ અનુરોધ કર્યો છે. સમાજના વિકાસ કાર્યો તેમજ અન્ય કામગીરીમાં એકબીજાના સહયોગથી આગળ શું શું કાર્યક્રમો કરવા અને સમાજને કેવી રીતે ઉપયોગી બનાય અને વિકાસમાં સ્વેચ્છાએ યથાશકિત ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરી છે.

# સે-૩ ન્યુ શિવશકિત મંદિર ખાતે જન્માષ્ટમીની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૮
જય અંબે યુવક મંડળ તેમજ શિવશકિત મંદિર પરિવાર તરફથી દર વર્ષેની જેમ આ વર્ષે પણ કૃષ્ણ જન્મોત્સવના પર્વની ઉજવણીનું આયોજન ધામધુમથી કરવામાં આવશે. શ્રાવણ વદ આઠમને તા. ૩ સપ્ટેમ્બરને સોમવારના રોજ સેકટર-૩ ન્યુ ગ-૧ પાસે શિવશકિત મંદિર ખાતે કૃષ્ણ જન્મોત્સવ તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આઠમને સોમવારના રોજ કૃષ્ણજન્મોત્સવ પ્રસંગે સેકટર-૩ ન્યુ શિવ શકિત મંદિર ખાતે રાત્રે ૯ કલાકે સ્ટેજ પ્રોગામનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે રાત્રે ૯.૩૦ કલાકે ડી.જે.ના તાલે રાસગરબા યોજાશે. જયારે રાત્રે ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવ તેમજ હિંડોળા દર્શન તેમજ રાત્રે ૧૨.૩૦ કલાકે મટકી ફોડ અને ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ યોજાશે. ઉપરાંત સેકટરના બાળકોને સ્ટેજ પ્રોગામ કરવો હોય તેઓએ તા. ૩૧ ઓગસ્ટ સુધીમાં વહેલા તે પહેલાના ધોરણે જય અંબે યુવક મંડળના સભ્યોના મોબાઈલ ફોન નં ૯૮૨૪૬ ૪૬૬૦૫, ૯૪૨૭૩ ૦૦૭૪૧, ૯૯૧૩૬ ૧૨૬૪૭ પર સંપર્ક કરી નામ નોંધાવી લેવા જણાવાયું છે. આ પ્રસંગે સૌ ભકતોને કૃષ્ણ જન્મોત્સવનો લાભ લેવા મંદિર પરિવાર તેમજ જય અંબે યુવક મંડળ દ્વારા જણાવાયું છે.

# સિવિલને પ્લાઝમાના વેચાણથી ૮ લાખની આવક

ગાંધીનગર, તા. ૨૮
ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આધુનિક બ્લડ બેંક ઉભી કરવામાં આવી છે. સિવિલમાં વારંવાર સર્જાતી બ્લડની અછતને નિવારવા અને વધુમાં વધુ દર્દીને બલ્ડ મળી રહે તે માટે ગત વર્ષે બ્લડ બેંકમાં કોમ્પોનેટ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. આ કોમ્પોનેટ સિસ્ટમ અંગે બ્લડ બેંકના ઈન્ચાર્જ ડો. હર્ષિદ પટેલે જણાવ્યું હતું કે એક રકતની બોટલમાંથી રકતકણ, પ્લેટલેઈટ અને પ્લાઝમા એમ ત્રણ ઘટક અલગ પાડવામાં આવે છે. જે દર્દીને જેની જરૂરીયાત હોય તે પ્રમાણે આપવામાં આવે છે. રકતકણ-૧૨ દિવસ, પ્લેટલેઈટ-૫ દિવસ અને પ્લાઝમા એક વર્ષ સુધી ઉપયોગમાં લઈ શકાય છે. પ્રસુતી બાદ હેવી બ્લીડીંગ સમયે, દાઝેલા દર્દીને, મેઝર સર્જરીમાં, ડેન્ગ્યુ અને મેલેરીયા જેવા દર્દીઓને પ્લાઝમા ઘટકની વધુ જરૂરીયાત પડતી હોય છે. સિવિલમાં પ્લાઝમા ઘટકની જરૂરીયાત ઓછી રહેવા પામે છે. વધારાના પ્લાઝમાના વેચાણ અંગે સિવિલ તંત્રએ ખાનગી ફાર્મસી કંપની સાથે કરાર કર્યા હતા. ત્યારે છેલ્લા સાત મહિનામાં સિવિલની બ્લડબેંકે ૨૩૦૦ પ્લાઝમાનું વેચાણ કરીને રૂ. ૮ લાખની આવક ઉભી કરી છે. બ્લડ બેંકમાં છેલ્લા એક વર્ષમાં રકતમાંથી ૩૧૦૦ યુનિટ પ્લાઝમાં બનાવવામાં આવ્યા છે. જેમાંથી ૫૦૦ યુનિટ દર્દીને ચડાવવામાં આવ્યા છે. તેમ છતા હાલની સ્થિતિએ ૩૦૦ યુનિટ પ્લાઝમા સ્ટોકમાં રાખવામાં આવ્યું છે. પ્લાઝમાના વેચાણ દ્વારા થતી આવક દર્દીઓના કામોમાં લેવામાં આવશે.

# ગાંધીનગર પેન્શનર સમાજ દ્વારા મૌન રેલી મોકુફ રખાઈ

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર શહેર પેન્શનર સમાજ દ્વારા તા.૩૦ ઓગસ્ટને ગુરુવારના રોજ સવારે ૧૦ કલાકે આયોજીત અહિંસક મૌન રેલીને પોલીસ તંત્ર દ્વારા મંજુરી આપવામાં આવી નથી. જેથી સમાજના પદાધિકારીઓની તા. ૨૮ ઓગસ્ટના રોજ મળેલી તાકીદની બેઠકમાં આ રેલી હાલ પુરતી મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના તમામ સભ્યોએ નોંધ લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# ગાંધીનગર જિલ્લામાંથી મેડીકલ પ્રવેશ કાર્યવાહીમાં ત્રીજા તબક્કાના મેરટીમાં આવતાં વિદ્યાર્થીઓના ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણી ૩૦ અને ૩૧મી ઓગષ્ટના રોજ કરાશે

ગાંધીનગર, તા.૨૮
ચાલુ વર્ષે મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથીક અને નેચરોપેથીકમાં પ્રવેશ માટે જે વિદ્યાર્થી ગુજરાત રાજયનો ડોમીસાઈલ હોય તેને પ્રવેશ આપવા એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ એજ્યુકેશન કોર્સીસ (એ.સી.પી.યુ.જી.એમ.ઈ.સી) ની પ્રવેશ સમિતી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાંથી ત્રીજા તબક્કામાં મેરીટ લીસ્ટમાં આવતાં વિદ્યાર્થીઓના ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણી કામગીરી તા. ૩૦ અને ૩૧ મી ઓગષ્ટ,૨૦૧૮ના રોજ સવારના ૧૧.૦૦ કલાક થી સાંજના ૫.૦૦ કલાક દરમ્યાન પ્રાંત અધિકારીશ્રીની કચેરી, બીજો માળ, કલેકટર કચેરી, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવશે.

ચકાસણી દરમ્યાન ઉમેદવારોએ પ્રાંત અધિકારીશ્રીની અધ્યક્ષતામાં નિમાયેલ ચકાસણી સમિતિ સમક્ષ પોતાના ડોમીસાઈલ સર્ટીફીકેટ અને તેને આનુસાંગિક જરૂરી દસ્તાવજો-પ્રમાણપત્રો ઉપરાંત ધોરણ-૧૦ તથા ૧૨ની માર્કશીટ, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તમામ જરૂરી આધાર- પુરાવાઓ સાથે હાજર રહેવાનું ડોમીસાઈલ સર્ટીફીકેટ ચકાસણી સમિતીના અધ્યક્ષ અને પ્રાંત અધિકારી, ગાંધીનગર શ્રી ઋતુરાજ દેસાઈએ જણાવ્યું છે.



સમસ્ત જણસારી સમાજ દ્વારા મહાનુભાવોનુ સન્માન, સિનીયર સિટીઝનોનું બહુમાન અને વિદ્યાર્થીઓને ફૂલસ્કેપ ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માન. મેયર પ્રવિણભાઈ પટેલ સાથે પ્રમુખ રમેશચંદ્ર એમ. ચૌહાણ અને મંત્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણ નજરે પડે છે.

### ચિરવિદાય

- સ્વ. સોનાબા વરવાજી ડાભી, ઉ.વ. ૧૦૫
- સ્વ. બળદેવજી કચરાજી વિહોલ, ઉ.વ. ૫૭
- સ્વ. પટેલ ભારતીબેન રમેશચંદ્ર, ઉ.વ. ૬૫